# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય

☎.(૦૭૯)૨૩૨૫૪૫૦૬(ઓ),
૨૩૨૫૪૩૭૭(અં),
૨૩૨૫૯૭૬૦(ફેકસ)
**E-mail : supt-tc-dat@gujarat.gov.in**

"વિમા અને લેખા ભવન" બ્લોક નં.-૧૭
ડો.જીવરાજમહેતા ભવન, સેકટર-૧૦ બી.,
ગાંધીનગર-૩૮૨૦૧૦

---

નબર:-હિતિનિ/ટીસી/ફા.૧૩૪/પુન: નિયુકતી/ટી.આઈ./૧૮૦૬ તા.૦૨/૦૩/૨૦૦૭

*વિષય:- પુન:નિયુકિતના કિસ્સામાં પેન્શનરોને ૫૦ % ડી.એ. આપવા બાબત.*

**<u>પરિપત્ર ક્રમાંક:- ૬/૨૦૦૭.</u>**

પુન:નિયુકિત પામેલ પેન્શનરોના કિસ્સામાં સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૧૧/૯૭ ના ઠરાવની જોગવાઈ અન્વયે પેન્શન પર ટી.આઈ. મળવાપાત્ર ન હોઈ પુન:નિયુકિત પામેલ પેન્શનરોના કિસ્સામાં નાણાં વિભાગના તા.૧/૬/૨૦૦૫ ના ઠરાવ મુજબ ૫૦ % ડી.એ. મર્જ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ ન હતી. તા.૧/૪/૨૦૦૫ પછી નિવૃત્ત થયેલ કર્મચારીઓના કિસ્સામાં પેન્શન અધિકૃત કરનાર કચેરીઓ તરફથી ૫૦ % ડી.એ. મર્જ કરી પેન્શનની રકમ નિયત કરવામાં આવે છે. તથા ઓથોરીટીમાં પણ ૫૦ % ડી.એ. મર્જ સહિતની રકમ દર્શાવવામાં આવે છે.

તિજોરી કચેરીઓ ધ્વારા પેન્શનની મંજુર થયેલ મૂળ રકમમાંથી સી.વી.પી.ની રકમ બાદ કરી પેન્શનની રકમ ચુકવવામાં આવે છે. જયારે પુન:નિયુકત કરનાર કચેરી ધ્વારા પેન્શનનું ૫૦ % ડી.એ. સાથેનું મર્જ થયેલ પેન્શન તેઓના નકકી કરાતા પગારમાં ધ્યાને લેવામાં આવે છે. પરિણામે પેન્શનરો તથા તિજોરી કચેરીઓ ધ્વારા રજુઆત થતાં અત્રેથી સરકારશ્રી પાસે સ્પષ્ટતા માંગવામાં આવતા નાણાં વિભાગ ધ્વારા તેઓના તા.૨૨-૨-૨૦૦૭ ના પત્ર ક્રમાંક:-પશન-૨૦૦૬-ડી-૩૫૦-પી થી જરૂરી સ્પષ્ટતા કરવામાં આવ્યા મુજબ પુન:નિયુકિતના કિસ્સાઓમાં પેન્શનરોને ૫૦ % ટી.આઈ. મર્જર પછીનું પેન્શન આપવાનું થાય છે.

આથી શ્રેયાન/ જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓને જણાવવાનું કે, જિલ્લા તિજોરી કચેરી/ પેટા તિજોરી કચેરીઓ ખાતેથી પુન:નિયુકત પામેલ પેન્શનરોના કિસ્સાઓમાં ૫૦ % ટી.આઈ. મર્જર સહિતનું પેન્શન ચુકવવા અંગેની નિયમોનુંસારની કાર્યવાહી હાથ ધરવી.

આ પરિપત્ર મળ્યાની પહોંચ મોકલી આપવી.

**નાયબ નિયામક**
**(તિજોરી નિયંત્રણ)**

પ્રતિ,

(૧) શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ............................ (તમામ)

(૨) તિજોરી અધિકારીશ્રી, (પેન્શન) પેન્શન ચુકવણાં કચેરી, અમદાવાદ.

**<u>નકલ રવાના :-</u>**

તિજોરી નિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.

**<u>નકલ સવિનય રવાના :-</u>**

ઉપસચિવશ્રી, (પી શાખા) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ તેઓના તા.૨૨/૨/૦૭ ના પત્ર ક્રમાંક:-પશન/૨૦૦૬/ડી.૩૫૦/પી અન્વયે જાણ સારૂ.